## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આ જુઓ આંકડા ગુજરાતમાં દર હજારે આઠસો એકાવન જ સ્ત્રીઓ છે... તમે સાધુને પૂરો તો ચાલે.. સાધ્વીને પુરશો તો તમે સરકારનાં બેટી બચાવો વિરુદ્ધ ચાલો છો... તેવું કોર્ટમાં પ્રુવ કરીશ...

# ગાંધીનગરમાં ગુજરાત સાયન્સ કોંગ્રેસનો પ્રારંભ

## યુવા પેઢીમાં વિજ્ઞાન ક્ષેત્રના શોધ-સંશોધનના પડેલા પોટેન્શિયલને વૈશ્વિક પ્લેટફોર્મ આપવું છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં સાયન્સ ટેકનોલોજીની નવી નીતિ ઘડવાની નેમ દર્શાવી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્યની યુવાપેઢીમાં સાયન્સ-ટેકનોલોજી ક્ષેત્રે શોધ-સંશોધનનું જે પોટેન્શીયલ પડેલું છે તેને આ નીતિથી યોગ્ય વૈશ્વિક પ્લેટફોર્મ પુરૂં પાડવાનો ધ્યેય છે.

વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર નજીક પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે ૩૧મી ગુજરાત સાયન્સ કોંગ્રેસનો પ્રારંભ કરાવતાં આ નેમ વ્યકત કરી હતી.

૩૧મી ગુજરાત સાયન્સ કોંગ્રેસનું દ્વિદિવસીય આયોજન ગુજરાત સાયન્સ એકેડેમી, ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયૂટ (જર્મી), પી.ડી.પી.યુ અને ઈન્સ્ટીટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ યુવા પેઢીને કારકીર્દી ઘડતરના અન્ય ક્ષેત્રો સાથે વૈજ્ઞાનિક-સાયન્ટીસ્ટ બનવાનું પણ પસંદ કરવાની પ્રેરણા આપી હતી.

મુખ્યમંત્રીના હસ્તે આ પ્રસંગે વિજ્ઞાન-ગણિત-બાયોલોજી, ફિઝીકસ, અંતરિક્ષ વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ શિક્ષણ આપનારા શિક્ષકો, પ્રોફેસરોનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં પૂર્વ મુખ્ય સચિવ અને જર્મીની ચેરમેન ડી. રાજગોપાલને આ સાયન્સ કોંગ્રેસનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો હતો. જર્મીના ડાયરેકટર જનરલ ટી. હરિનારાયણે સ્વાગત પ્રવચન કર્યુ હતું.

આ પ્રસંગે નીતિ આયોગના સભ્ય ડો. વી. કે. સારસ્વત, જી. એસ. એ. ના પ્રેસિડેન્ટ અશોક સિંઘવી, આઈ.એસ.આર.ના ડાયરેકટર જનરલ ડો. એમ. રવિકુમાર તથા સાયન્સ-ટેકનોલોજી ક્ષેત્રના શિક્ષણવિદો, પ્રાધ્યાપકો, શિક્ષકો અને યુવા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર શહેરની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ આજરોજ ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં શાળામાં અભ્યાસ કરતા ૫૦૦ થી વધુ નાના ભુલકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ વિવિધ ૧૪ કૃતિઓ રજુ કરી હતી. જેમાં ડાન્સ, ગીત-સંગીત, નાટક અદભુત રીતે રજુ કરતા ટાઉનહોલમાં હાજર સૌ કોઈ વાલીઓએ તાળીઓના ગળગળાટથી બાળકોને વધાવી લીધા હતા. આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ ન્યૂઝ પેપર્સ (ઈફસમન) દ્વારા

## ગુજરાત ખાતે 'સૌનો સાથ - સૌના વિકાસમાં મિડીયાનું યોગદાન' વિષયક સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૪

છેલ્લા ૩૧ વર્ષથી દેશભરના મિડીયા અને સરકાર વચ્ચે સેતુરૂપ કાર્ય કરતી ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ ન્યુઝ પેપર્સ (ઈફસમન) દ્વારા આગામી તા. ૧૧-૦૨-૨૦૧૭, શનિવારના રોજ ગાંધીનગર મુકામે મિડીયાના સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમિનારમાં સંસ્થાની નેશનલ કમિટીના હોદ્દેદારો અને રાષ્ટ્રના વિવિધ રાજ્યોમાંથી ૧૫૦થી વધારે માલિકો, તંત્રીશ્રીઓ જ્યારે ગુજરાતના વિવિધ જીલ્લાઓમાંથી ૨૫૦થી વધારે માલિકો, તંત્રીઓ આમ કુલ ૪૦૦થી વધારે મિડીયાના મહેમાનો ઉપસ્થિત રહેનાર છે.

તા. ૧૧-૦૨-૨૦૧૭ના રોજ સવારે ૧૦ થી ૫ દરમ્યાન યોજાનાર આ સેમિનારમાં પ્રથમ સત્રમાં 'સૌનો સાથ - સૌના વિકાસમાં મિડીયાનું યોગદાન' વિષયક વિવિધ આયામો ઉપર ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે.

બીજા સત્રમાં મિડીયાને લગતા પ્રશ્નોની ચર્ચા કરીને પ્રશ્નોનું સંકલન કરીને આવેદન પત્ર તૈયાર કરવામાં આવશે તેવું નેશનલ સેક્રેટરી જનરલ લક્ષ્મણ પટેલે જણાવેલ છે. રાષ્ટ્રભરમાંથી આવેલા તંત્રીઓ માટે બે દિવસીય પ્રવાસનું આયોજન પણ કરવામાં આવેલ છે.

આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા માટે ગુજરાતના સૌ તંત્રીઓને સાદર આમંત્રણ છે. કાર્યક્રમના સુચારુ આયોજન માટે આપના આગમનની જાણ આ સાથેના ફોન નંબર ૯૯૯૮૨૬૬૩૪૪, ૯૬૨૪૦ ૨૩૪૯૩, ૮૧૬૦૧ ૬૭૦૨૧, ૯૯૯૮૫૦૨૦૯૮ ઉપર કરવા નમ્ર વિનંતી.

# જલાઉ લાકડા ભરેલા ટ્રેકટર પસાર થવા દેવા ફોરેસ્ટરના હપ્તા

**દહેગામના ફોરેસ્ટર એસીબીની ઝપટે ચઢયા : ફોરેસ્ટરના ખાનગી માણસે ૨ હજારની લાંચ લીધી અને ભાગી ગયો : ફોરેસ્ટર સહીત બે શખ્સો સામે ગુનો દાખલ**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ મોડાસા રોડ પરથી પસાર થતાં જલાઉ લાકડા ભરેલા વાહનોની હેરાફેરીને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓએ કમાણીનું સાધન બનાવી દીધું હોવાની ફરિયાદ એસીબીને મળી હતી. જેને આધારે ટ્રેપ ગોઠવીને દહેગામના ફોરેસ્ટરના કહેવાથી તેના માણસે રૂ. ૨ હજારની લાંચ લીધી અને નાસી છુટયો હતો. એસીબીએ આ છટકામાં વીડીયો રેકોર્ડરનો ઉપયોગ કર્યો છે. ફોરેસ્ટર સહિત બે શખ્સો સામે ગુનો દાખલ કરી ગાંધીનગર એસીબીએ ધરપકડ માટે તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ દહેગામ-મોડાસા રોડ પરથી જલાઉ લાકડા ભરીને એક ટ્રેકટર પસાર થઈ રહ્યું હતું. બાપા સિતારામ હોલની સામેથી ટ્રેકટર પસાર થયું ત્યારે દહેગામ ફોરેસ્ટર મીતેષ દંતાણીના માણસે જલાઉ લાકડા ભરેલું ટ્રેકટર પકડયું અને મીતેષ દંતાણીના કહેવાથી તેના માણસ સુરેશે જલાઉ લાકડા ભરેલા ટ્રેકટરને પાસ થવા દેવા અને કયારેય હેરાન ન કરે તે માટે રૂ. ૪ હજારની લાંચ માંગી હતી. રૂ. ૨ હજારની લાંચ ફોરેસ્ટરનો માણસ સ્વિકારતા વિડીયો રેકોર્ડરમાં કેદ થઈ ગયો છે. ગાંધીનગર એસીબીએ ફોરેસ્ટર મીતેષ દંતાણી અને તેના માણસ સુરેશ સામે ગુનો દાખલ કરી બંનેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ગાંધીનગર તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાની આજે અડાલજમાં મહાસભા યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ગાંધીનગર તાલુકા દ્વારા એક મહાસભાનું આયોજન ૫મીને રવિવારે અડાલજ વાવ પાસે કરવામાં આવ્યું છે. આ મહાસભામાં તાજેતરમાં સંપન્ન થયેલ પંચાયતોની ચૂંટણીમાં વિજેતા થયેલ સરપંચોનું સન્માન પણ કરવામાં આવશે.

સાંજે ૪ વાગે યોજાનાર આ મહાસભામાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે તેમ સેનાની યાદીમાં જણાવાયુ છે. આ મહાસભાના આયોજનની તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી હોવાનું પણ આ યાદીમાં જણાવાયું છે. આ મહાસભામાં સમાજના સૌને જોડાવવા માટે પણ સેનાએ અપીલ કરી છે.

## ચરાડા અને રખિયાલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુર્વેદ ઓ.પી.ડી. ખોલાશે

ગાંધીનગર જિલ્લાના ચરાડા અને દહેગામના રખિયાલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આગામી સપ્તાહથી આયુર્વેદની ઓ.પી.ડી.નો નવો વિભાગ શરૂ કરવામાં આવશે. જિલ્લા આયુર્વેદ અધિકારીની એક સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે મંગળવારે ચરાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને શુક્રવારે દહેગામના રખિયાલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આ ઓ.પી.ડી. સેન્ટર કાર્યરત થઈ જશે.

આ બે ઓ.પી.ડી. સેન્ટરના પ્રારંભે આયુર્વેદ શાખા દ્વારા સર્વરોગ નિદાન સારવાર કેમ્પ તથા પથરી અને પ્રોસ્ટેટના રોગો માટે હોમિયોપેથી સારવાર કેમ્પનું પણ વિશેષ આયોજન કરવામાં આવેલ છે.

જિલ્લામાં હાલ ૧૭ સરકારી આયુર્વેદ દવાખાના અને ૭ હોમિયોપેથી દવાખાના કાર્યરત છે. હવે આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓ.પી.ડી. સેન્ટર ચાલુ કરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં આયુર્વેદની સેવાઓ સઘન બનશે અને તેનો વ્યાપ વધશે. આ યાદીમાં જણાવાયા પ્રમાણે ચાલુ માસથી કુપોષણ મુક્તિ અભિયાન માટે ખાસ રસાયણ પ્રોજેક્ટ અને સગર્ભામાતા માટે શતાવરી ગ્રેન્યુઅલ્સ પ્રોજેક્ટ પણ સ્વભંડોળમાંથી હાથ ધરવાનું આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે.



'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત 'સ્ટાર્ટઅપ' પ્રોજેકટસ દ્વારા ભારત સરકાર દેશમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહિત કરવા પ્રયાસો કરી રહી છે. આજના યુગમાં કોઈ પણ રાષ્ટ્રને વિકાસની કેડી કંડારવી હશે તો નવી ઉદ્યોગ સાહસિકતાને પુરતો અવકાશ આપવો જ પડશે. ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બીબીએ દ્વારા 'આંત્રપ્રેન્યોરશીપ'ને પ્રોત્સાહિત કરવા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં આકાર એકેડેમીના તજજ્ઞએ યુવા વિદ્યાર્થીઓને સામાન્ય ચીજ વસ્તુઓના ઉપયોગ થકી લઘુત્તમ પડતર દ્વારા નવીનતમ ઉત્પાદનો તૈયાર કરવા બાબતે માર્ગદર્શન પુરું પાડયું હતું.

## ગાંધીનગર વૈષ્ણવ સમાજ રજતજયંતિ ઉજવશે

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ગાંધીનગરનો રજત જયંતિ મહોત્સવ તા. ૩-૧૧-૨૦૧૭થી ૫-૧૧-૨૦૧૭ દરમિયાન પ.પૂ.ગો. ૧૦૮શ્રી વ્રજરાજકુમારશ્રી મહોદયશ્રીના માર્ગદર્શન સાથે યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમને સફળ બનાવવાના આયોજન માટે તા. ૫-૨-૨૦૧૭ રવિવાર સાંજે ૪.૦૦ કલાકે હવેલી મંદિર, સે-૨૧ ખાતે બેઠક રાખવામાં આવી છે જેમાં સર્વે વૈષ્ણવ ભાઈ-બહેનોને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા વિનંતી છે.



વાવોલમાં પાટોત્સવ : વાવોલ સ્થિત ખોડિયાર માતાના મંદિરના પાટોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. મોટી સંખ્યામાં ભાવિકો પ્રસંગોમાં જોડાયા હતા.

# શહેરમાં રકતદાન માટે વધતો ઉત્સાહ : સેવાપ્રવૃત્તિને પ્રોત્સાહન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં ફેબ્રુઆરી મહિનાના પ્રારંભથી જ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ઠેરઠેર કરવામાં આવી રહ્યા છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં યોજાયેલા ત્રણ બ્લડ ડોનેશન કેમ્પમાં રકતદાન માટે નાગરીકોએ અનેરો ઉત્સાહ દાખવતા બ્લડ કલેકટ થયું હતું. તે ઉપરાંત અમદાવાદ બ્લડબેંકને પણ અત્રેથી મોટીમાત્રામાં બ્લડ મળવા પામ્યું હતું. તાજેતરમાં માર્ગ અને વિભાગ દ્વારા પણ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને થેલેસેમીયાના બાળ દર્દીઓ માટે સારી એવી શિબિરોમાં થઈને સિવિલ હોસ્પિટલને ૩૦૦ થી વધુ બોટલ રકત મળશે તેવી અપેક્ષા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃતિ સારા એવા પ્રમાણમાં થાય છે. ગાંધીનગરના રકતદાતાઓ હરહંમેશ રકતદાન કરવા તત્પર હોય છે.

**૩ દિવસમાં ૩૦૦ બોટલ એકત્ર કરાયું**

ગાંધીનગર બ્લડબેંકમાં ૩૦૦ બોટલ રકત એકત્ર થવા પામ્યું છે.

ગાંધીનગર શહેરમાં તા.૧ ફેબ્રુઆરીના રોજ એલડીઆરપી કોલેજ ખાતે રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૯૭ બોટલ રકત એકત્ર થવા પામ્યું હતું. ત્યારબાદ રાજભવન કેમ્પસમાં યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં સિવિલ હોસ્પિટલને ૧૫૫ બોટલ સંખ્યામાં રકત એકત્ર કરવામાં આવ્યું હતું. હજુ પણ આ સિલસિલો જારી છે. તા.૫ ફેબ્રુઆરીના રોજ સેકટર-૧૩ ખાતે ગુરુકૃપા હોસ્ટેલમાં જેસીઆઈ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ ઉપરાંત તા.૧૨ ફેબ્રુઆરીને મહારાષ્ટ્ર ભવન ખાતે, તા.૧૬ સમર્પણ કોલેજ રકતદાન મહાદાનનું આયોજન કરવામાં આવેલ છે. આ ત્રણેય શહેરમાં કેટલાક સેવાભાવી યુવકો દ્વારા સોશ્યલ મિડીયા થકી પણ રકતદાનની સેવાકીય પ્રવૃતિ પ્રસંશાત્મક રીતે ચલાવાઈ રહી છે. આ પ્રવૃતિ થકી અનેક જરુરીયાત મંદોને અણીના સમયે રકત મળી રહે છે. ફેબ્રુઆરી માસમાં યોજાનાર રકતદાન શિબિરોની હારમાળા આ પ્રવૃતિને ઉતેજન આપશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

## બાબુભાઈ પટેલની ૧૦૬મી જન્મ જયંતિ નિમિત્તે સેવા સંસ્મરણ

જાહેર જીવનમાં સાદગી, સંસ્કાર અને સ્વચ્છ પ્રતિભાના પ્રેરણાદાયી પ્રતિક સમા પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુબાઈ જશભાઈ પટેલની ૧૦૬મી જન્મ જયંતિ નિમિત્તે સેવા સંસ્મરણનું આયોજન તા. ૯-૨-૨૦૧૭ના ગુરૂવારના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ દરમ્યાન સરદાર પટેલ ઓડિટોરીયમ, શાહીબાગ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

## શ્રેયાંસ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

કુડાસણ ખાતે આવેલી શ્રેયાંસ સ્કૂલમાં વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. ચેસ, ગોળાફેંક, બેડમિંટનમાં રાષ્ટ્રીય સ્તરે નામના મેળવનાર ભાવનાબેન પટેલના અધ્યક્ષપદે યોજાયેલા કાર્યક્રમમાં શાળાના નાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાત વર્ષની વયથી અપંગ હોવા છતાં ભાવનાબેન પટેલે પોતાના અડગ મનોબળ અને અથાગ પરિશ્રમના સથવારે રાષ્ટ્રીય સ્તરે પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે.

આ પ્રસંગે ભાવનાબેન પટેલે બાળકોને નાનપણથી જ બાળકોને ચેસ જવી રમતોનો મહાવરો આપવા જણાવ્યું હતું. ચેસની રમત દ્વારા બાળકનો માનસિક વિકાસ અને નિર્ણયશકિત વિકસે છે. તેઓએ ભાગ લેનાર તમામ બાળકોને અભિનંદન આપ્યા હતા.

## આજે મુખ્યમંત્રી રાજકોટ-વડોદરામાં મેરેથોન દોડને ફલેગ ઓફ કરાવશે

ગાંધીનગર, તા. ૪

વિજયભાઈ રૂપાણી રાજકોટ મહાપાલિકા અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા આયોજિત રાજકોટ મેરેથોનને રવિવારે સવારે ૫-૩૦ કલાકે રેસકોર્સ મેદાનથી ફલેગ ઓફ કરાવવાના છે. ત્યાર બાદ વડોદરા પહોચીને સવારે ૭-૩૦ કલાકે નવલખી ગ્રાઉન્ડથી બરોડા મેરેથોનને પ્રસ્થાન કરાવશે. કેન્દ્રીય ખેલકૂદ મંત્રી વિજય ગોયલ પણ આ બરોડા મેરેથોનમાં ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરની મેરેથોનમાં ૬૦ હજારથી વધુ તેમજ બરોડા મેરેથોનમાં ૭૯ હજાર નાગરિકોએ સહભાગી થવા રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ મેરેથોનમાં દિવ્યાંગ રન, સ્વચ્છતા રન તથા ડિઝીટલ ઈન્ડીયા-કેશલેસ ઈકોનોમી રનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી રાજકોટ અને વડોદરા મેરેથોન રનને પ્રસ્થાન કરાવ્યા બાદ સવારે ૧૦ કલાકે અમદાવાદમાં કોતરપુર વોટર વર્કસ ખાતે ૨૦૦ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનો લોકાર્પણ કરવાના છે.

# ડ્રાફ્ટ બજેટ પ્રજાભિમુખ નથી પણ પોકળતાથી છલોછલ ભરેલ મૃગજળ સમાન : બિહોલા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાનું ૨૦૧૭-૧૮નું ગઈકાલે મ્યુનિ. કમિશનરે રજુ કરેલ અંદાજપત્ર પર વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ ઉગ્ર બળાપો વ્યકત કરી જણાવ્યુ છે કે આ બજેટમાં કોઈ પ્રજાભિમુખ વાત નથી કરાઈ તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના માળખાકીય સુવિધાના કામો માટે ફાળવેલી રકમ પણ ઘણી ઓછી છે. તેમણે આ બજેટમાં પ્રજાજનોને ભ્રમિત કરનારૂ અને શહેરી ગરીબ પ્રજાજનો માટે મૃગજળ સમાન લેખાવ્યુ છે.

બિહોલાએ મનપાની રચનાને ૮ વર્ષ થયા પછી વ્યવસાય વેરો નહિ ભરતી સંસ્થાઓને શોધી અને આવક વધુ મેળવવાની વાતો દર વખતની જેમ આ બજેટમાં પણ કરાઈ છે જે ખુબ જ હાસ્યાપદ છે. વાયબ્રન્ટ સમીટને લઈ સરભરા ખર્ચની જોગવાઈ કરી વિકાસની વાત કરવામાં આવે તે વાત કોઈપણ નગરજનોના ગળે ઉતરે તેવી છે જ નહિ.

**કમિશનરના ડ્રાફ્ટ બજેટમાં શહેરી ગરીબો માટેની અલ્પ જોગવાઈ તેમજ ૮ વર્ષે પણ વ્યવસાય વેરો નહિ ભરતી સંસ્થાઓ શોધવાની વાત કરવી એ ગળે ઉતરતુ નથી**

બિહોલાએ તેમના નિવેદનમાં જણાવ્યુ છે કે શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ રૂ. ૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી ત્યારથી આજદિન સુધી સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવી નથી, તો આ રૂ. ૫ કરોડ દ્વારા ગાંધીનગર શહેરની કઈ જગ્યા ઉપર ગરીબો માટે આવાસ બનાવવા માંગો છો, તેનો કોઈ ઉલ્લેખ નથી, તો આ ગરીબો માટે મૃગજળ સમાન સાબિત થશે.

ગઈ વખતના બજેટમાં ઓવરબ્રિજના નામે તેમજ પાર્કિંગના નામે કરોડો રૂપિયા ફાળવીને ગાંધીનગર શહેરની પ્રજાને ઉલ્લુ બનાવી હતી, જે પૈકી આજદિન સુધી ઓવરબ્રિજ કે પાર્કિંગમાં એક પણ ઈંટ મુકાઈ નથી, તો આ બજેટમાં મલ્ટીલેવલ પાર્કિંગ અને પે-પાર્કિંગના નામે રૂ. ૪ કરોડ ફાળવવા તે તદન વાહિયાત વાત છે.

ગાંધીનગરની પ્રજા સમયસર વેરો ભરે છે, ગાંધીનગર મહાનગરપાલિકા પાસે જમીન ના હોય તો કઈ નહિં પરંતુ ચાર દવાખાના છે, તો આ દવાખાનાની અંદર અદ્યતન લેબોરેટરી, એક્ષરે મશીન વગેરેની સગવડ આપવી જોઈએ અને આરોગ્ય માટે મહાનગરપાલિકા દ્વારા બજેટની કરોડો રૂપિયાની જોગવાઈઓ કરવી જોઈએ તેની સામે માત્ર ૨૦ લાખની જોગવાઈ કરી અને પ્રજાને છેતરવાનો પ્રયાસ કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા ગામડાઓની સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે. નદી કિનારાના ગામડાઓ હોવાથી દર ચોમાસામા કોતરોના લીધે જમીનનું ધોવાણ થાય છે, અને આ ગામડાઓએ પોતાની મહામુલી જમીન ગાંધીનગર બનાવવા માટે આપી છે, તો ગામડાઓને રૂ. ૨ કરોડ ફાળવી જાણે મશ્કરી કરતા હોય તેવું લાગે છે. તો ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે રૂ. ૫ કરોડ ફાળવવા જોઈએ તેવું અમે સ્પષ્ટ માનીએ છીએ તેમ પણ બિહોલાએ જણાવ્યું છે.

## જખૌ ખાતે જળસીમામાં ઝડપાયેલા સામે ફરિયાદ

જખૌની જળસીમામાં ઝડપાયેલા ૨૬ માછીમારો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને ઉલટ તપાસ પણ હાથ ધરવામાં આવી છે. ડિસેમ્બર મહિનામાં જખૌની જળસીમામાં ૨૬ માછીમારોને કોસ્ટગાર્ડ પકડી પાડ્યા હતા. આ તમામ માછીમારો વિરુદ્ધ ફોરેનર્સ એકટની કલમોતળે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કોસ્ટગાર્ડના પ્રધાનનાયક અજીતસિંઘે નોંધાયેલી ફરિયાદ મુજબ ગત તા. ૧૯-૧૨ના જખૌના દરિયામાં ભારતીય જળસીમામાં ગેરકાયદેસર રીતે માછીમારી કરતા પાકિસ્તાનના જંગીસર ગામના ૨૬ માછીમારો ઝડપાયા હતા. તેઓ પાસેથી રજીસ્ટ્રેશન નંબર વગરની બોટ પકડી પાડવામાં આવી હતી. આ તમામ સામે ફોરેનર્સ એકટની કલમોતળે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.